# 22

**જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ ગેરકાયદે ચૂકવણી બાબત.**

***15/4/2363: શ્રી અરવિંદભાઈ જીણાભાઇ લાડાણી (માણાવદર): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:**

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર ખાનગી પ્રાથમિક શાળા કે બોગસ પ્રાથમિક શાળાને રેકર્ડ આધારીત શાળા બતાવીને રાઈટ ટુ એજ્યુકેશ એક્ટ – ૨૦૦૯ના પૈસા ગેરકાયદે રીતે વસુલતી હોવાથી પકડવામાં આવી તે હકીકત સાચી છે,

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | વર્ષ ૨૦૨૨-૨૩ | વર્ષ ૨૦૨૩-૨૪ |
|---|---|---|---|
| | **જુનાગઢ જિલ્લો** | | |
| ૧ | જુનાગઢ | ના | ના |
| ૨ | વંથલી | ના | ના |
| ૩ | કેશોદ | ના | ના |
| ૪ | મેંદરડા | ના | ના |
| ૫ | માણાવદર | ના | ના |
| ૬ | માળીયા હાટીના | ના | ના |
| ૭ | માંગરોળ | ના | ના |
| ૮ | વિસાવદર | ના | ના |
| ૯ | ભેંસાણ | ના | ના |
| | **ગીર સોમનાથ જિલ્લો** | | |
| ૧ | ગીર ગઢડા | ના | હા જી, ખાનગી પ્રાથમિક શાળાની વિગત ધ્યાને આવેલ છે. |
| ૨ | ઉના | ના | ના |
| ૩ | વેરાવળ | ના | ના |
| ૪ | સુત્રાપાળા | ના | ના |
| ૫ | કોડીનાર | ના | ના |
| ૬ | તલાલા | ના | ના |

| | | | |
|---|---|---|---|
| (૨) | ઉકત વર્ષવાર કોને અને કઈ સંસ્થાને કેટલી રકમ રાઈટ ટુ એજ્યુકેશન એકટ – ૨૦૦૯ હેઠળ ગેરકાયદે રીતે ચુકવાઈ હોવાનું સામે આવ્યું, | (૨) | વર્ષ ૨૦૨૩–૨૪માં ચાલુ શૈક્ષણિક સત્રથી ૧ (એક) શાળા ગીર ગઢડા તાલુકાની સ્વામીનારાયણ વિદ્યાલય, મુ. ધોકડવામાં અન્ય વિદ્યાર્થી ન હોવા છતાં રેકર્ડ પર શાળા ચાલુ બતાવી આર.ટી.ઈ. ૨૫% હેઠળના કુલ ૨ (બે) વિદ્યાર્થીઓની વિદ્યાર્થીદીઠ રૂ. ૪૪૦૦/– લેખે કુલ રૂ. ૮૮૦૦/– નું ચુકવણું શાળાને થયેલ હોવાનું ધ્યાને આવેલ છે. |
| (૩) | ઉક્ત સ્થિતિએ તે અન્વયે કોની સામે શાં પગલાં લીધાં, અને | (૩) | સંસ્થાને નોટીસ આપી નાણાં સરકારશ્રીમાં ચલણથી ભરપાઈ કરાવેલ છે અને શાળામાં અન્ય કોઈ વિદ્યાર્થી ન હોય માટે શાળાના વર્ગો બંધ કરી શાળાની માન્યતા રદ કરવાની કાર્યવાહી હાલ ચાલુ છે. |
| (૪) | તે પૈકી કેટલી રકમ કોની પાસેથી પરત વસુલવામાં આવી અને કોની પાસેથી કેટલી રકમ વસુલવાની બાકી છે? | (૪) | ઉક્ત સંસ્થા પાસેથી આર.ટી.ઈ. ૨૫% હેઠળ અભ્યાસ કરતાં કુલ. ૨ (બે) બાળકોની ફી રૂ. ૪૪૦૦/– લેખે કુલ રૂ. ૮૮૦૦/– ચાલુ શૈક્ષણિક સત્રની ફી પરત ચલણથી સરકારશ્રીમાં જમા કરાવેલ છે, હવે કોઈ ફી વસુલવાની બાકી રહેતી નથી. |

..............................................